## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

**તમે મન મૂકીને વરસો, ઝાપટું આપણને નહીં ફાવે ;**
**અમે હેલીના માણસ, માવઠું આપણને નહીં ફાવે !**
**- ખલીલ ધનતેજવી.**

### પાથેય

- રમેશ ઠક્કર

## મનસ્વી માવઠું...

માણસ હોય કે કુદરત જે સહજ હોય સમયસર હોય એનો જ મહિમા છે..મેઘરાજા પણ એમાંથી બાકાત ના હોઈ શકે..આકાશ આજે રડમસ હતું.પરાણે ટપકતાં ફોરાં અને ધુમ્મસ એને વધારે ગમગીન બનાવી રહ્યાં હતાં.કવચિત ટપકતો તડકો ભ્રામક તો ના કહી શકાય પણ એમાં ચમક તો નથી જ ! માવઠું આમ તો કદીક કદકી જ જોવા મળતું..આજના જમાનામાં તો એ પણ મનસ્વી થતું જાય છે..માવઠું એની મર્યાદા ગુમાવતું જાય છે !

મારે જો કે માવઠા માટે એટલા આકરા થવું નથી...મને તો વિસ્મય છે તડકાનું..મને એની વિવિધ છટાઓ ગમે છે..બે ચાર દિવસ જો તડકો જોવા ના મળે તો જાણેઅજાણે એક ફડકો હદયમાં છવાઈ જતો હોય છે..મને શું માણસમાત્રને તલાશ હોય છે તડકાની ! મારા મતે તો તડકો એ જ આપણી મુળભુત જરૂરિયાત છે..વિજ્ઞાનીઓ અને સામાજિક અભ્યાસીઓ જો ફરીથી તારણ કાઢે તો મારી વાતમાં એમને ચોક્કસ વજૂદ લાગશે !

માવઠાનું જો કે એટલું ગજું નથી હોતું કે તડકાથી લાંબો સમય બાથ ભીડી શકે...માવઠાથી ઘેરાયેલું આકાશ એ અષાઢની હેલી નથી એવી એને પાક્કી ખબર હોય છે..ગમે એમ તો ય તડકો એ સૂરજનું સંતાન છે..ચોમાસાની હેલીને તો ઠીક છે એ આદરપૂર્વક અમુક દિવસો સુધી એની આણ સ્વીકારી લે છે..પણ માવઠાના મારમાંથી બેઠાં થતાં એને વાર નથી લાગતી !

માવઠું એ આમ તો પરોપજીવી છે..હવાને કોઈક દબાવે એટલે એ ઉંચું નીચું થાય છે..વરસાદ એને સાથ આપે છે પણ એ પરાણે થયેલી પ્રીત જેવો સંગાથ હોય છે..હવાનું દબાણ જયાં ઓછું થાય એટલે માવઠું ઉચાળા ભરી જતું હોય છે..આકાશ મન વગર ભીંજાયું હોય છે..વૃક્ષો વનરાજી પણ પરાણે નવડાવેલાં બાળકોની જેમ સમસમીને રાહ જોઈ રહયાં હોય છે..એટલે જ જયાં આકાશમાંથી તડકો જરીક ડોકિયું કરે એટલે એક હર્ષોલ્લાસ થઈ જતો હોય છે..

મારો આશય જો કે માવઠાની પોકળતાને ખોલવાનો નથી..મને તો એક અંતરાલ પછી મળેલા તડકાનો રોમાંચ છે..શિયાળાની સવાર ઉપર નિબંધો લખાયા છે..સૂર્યોદય કે સંધ્યા સમયની એની છટાઓ ઉપર કવિઓ વરસ્યા છે..કોમળ કિરણ ને ફૂટતું પ્રભાત એવા ગદ્યખંડો લખાયા છે..પણ માવઠા પછી મથામણ કરતા તડકાની ખુમારી ઉપર કોઈએ શૌર્ય ગીત લખવું જોઈએ..!

મને લાભશંકર ઠાકરનું કાવ્ય તડકો યાદ આવી જાય છે..'પીગળે પીગળે પડછાયાના પ્હાડ..' એવાં એમાં આવર્તનો છે..પરોઢના ઝાકળના તડકા વિશે એમણે વાત કરી છે...આજનો તડકો પણ મને એવો જ લાગ્યો..તડકો આપણા પડછાયાને ઓગાળે છે..એને અવનવા ઘાટ આપે છે..આપણી જાતે સાથે પણ કશુંક આવરણ કુદરતે લપેટયું છે એનો સતત એહસાસ કરાવે છે..! અને એટલે જ માવઠાથી મુકિત પછીની આ સવાર મારા પડછાયા સાથે જ મારૂં મિલન કરાવતી હોય એવું લાગે છે...

# જાટ સમુદાયનાં મનામણાં જોરશોર પર

**તંત્રીસ્થાનેથી...**

ઉત્તારપ્રદેશની મહત્તા દરેક રાજકીય પાર્ટી સમજે છે અને સ્વીકારે છે સવિશેષ શાસક ભાજપ માટે એક વાર અંકે કરેલું 'સામ્રાજય' રફેદફે ના થઈ જાય તે ભારે ચિંતાની બાબત છે ફક્ત મોદી કરિશ્માથી કામ ચાલે એમ નથી કે એકલા હાથે રામ પણ બેડો બાર કરી શકે એમ નથી એની પ્રતીતિ પાર્ટીનાં ચાણક્ય સૂત્રોને થઈ ગઈ છે. એથી વિવિધ જાતિ સમુદાયોને રીઝવવાના અને એમને અત્યારે નહીં તો ચૂંટણી પછીના સમયગાળામાં પણ મનાવી લઈ પોતાના ખેમામાં ખેંચી લાવવાના પ્રયાસો ચાલુ થઈ ગયા છે. ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં થોડો માર પડે તો પણ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી વખતે એના ઘા રૂઝાઈ જવા જરૂરી છે આખરે મોદીને ફરી એકવાર વડાપ્રધાન પદે આરૂઢ થવું પડે એમ છે. પાર્ટી પાસે એમનો કોઈ રાષ્ટ્રીય વિકલ્પ નથી. જો કે સામા પક્ષે કદાચ પ્રજા પાસે પણ બાલ તો મોદીનો કોઈ વિકલ્પ દેખાતો નથી. પ્રશાંત કિશોર જેવા ચૂંટણી ગણિતજ્ઞને પણ આ તથ્ય અને સત્ય વેળાસર સમજાઈ ગયું હોઈ એમને કોંગ્રેસમાં પ્રવેશતાં પૂર્વે કેટલીક પૂર્વશરતો મૂકી હતી. કોંગ્રેસ વગર દેશમાં ભાજપને રાષ્ટ્રીય સ્તરે ટક્કર આપે એવો કોઈ સર્વમાન્ય રાજકીય પક્ષ નથી. પરંતુ કોંગ્રેસે પરિવારના સકંજામાંથી છૂટવાની જરૂર છે. એ સિવાય એને રાખમાંથી પુનઃ પલ્લવિત કરવાનું અઘરું છે. પ્રશાંત કિશોરની આ થિયરી કે હાઈપોથિસિસ કોંગ્રેસને અંગત પેઢી તરીકે ચલાવતો ગાંધી પરિવાર સ્વીકારી શકે એમ નહોતો, પરિણામે પ્રશાંત કિશોરે મમતા બેનરજી સાથેની નોકરી ચાલુ રાખી છે. પણ એથી મોદીને માત આપી શકાશે એવી ભ્રમણામાં એ હરગિજ રાચતા નથી. કોંગ્રેસ સામે ચાલીને શરદ પવાર કે મમતા બેરનજીનો ચહેરો વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રજૂ કરે અને પોતે સક્રિય થઈ પ્રાદેશિક પાર્ટીના નેતાને વડાપ્રધાન બનાવવાની ઝુંબેશ ઉપાડે તો કદાચ દેશના મતદારો ભાજપના વિકલ્પે ખીચડી સરકાર આપવા સંમત થાય. એ માટેની પૂર્વભૂમિકા ઉત્તરપ્રદેશ, પંજાબ, ગોવા, ઉત્તારાખંડ અને મણિપુરની વિધાનસભાની ચૂંટણી પૂરી પાડી શકે એમ છે. સમાજવાદી પાર્ટીના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવ કુનેહપૂર્વક ઉત્તરપ્રદેશની તમામ પછાત જાતિઓ સાથેનાં ચૂંટણી સમીકરણ માંડીને સત્તાની લડાઈમાં મજબૂત હરીફ તરીકે ઊપસી આવ્યા છે. પરંતુ ત્યાં પણ કોંગ્રેસ એની ગુમાવેલી વોટબેંક પાછી મેળવવા પ્રિયંકા ગાંધીના ઈંદિરા છાપ ચહેરાને વટાવી રહી છે. ભાજપ માટે પ્રિયંકા અને માયાવતી બેઉ મહિલાઓ અત્યારે આશીર્વાદરુપ બની રહી છે. બેઉ અખિલેશ યાદવનાં જાતિ સમીકરણોમાં ભાગ પડાવી રહી છે. પરંતુ કિશાન આંદોલનના જાટ ફેકટરથી ભાજપને પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં સારો એવો માર પડવાની સંભાવના છે. ભાજપ પાસે જાટ સમુદાયના સૌથી પ્રભાવશાળી નેતા તરીકે આજકાલ દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને વાજપેયી સરકારમાં કેબિનેટ મંત્રી રહી ચૂકેલા સ્વ. સાહિબસિંહ વર્માના પુત્ર પરવેશ વરમા છે સામે ચાલીને અમિત શાહે એમના નિવાસ પર જાટ સમુદાયના સર્વોચ્ચ અને સર્વકાલીન રાષ્ટ્રીય નેતા તરીકે ચૌધરી ચરણસિંહને હજી એ વિસ્તાર વીસરી શકતો નથી. ચરણસિંહના ટેકનોક્રેટ વારસ અજિતસિંહ ઝાઝું ઉકાળી શક્યા નહીં. અત્યારે એમના પુત્ર જયંતને પ્રતાપી દાદાનો રાજકીય વારસો સાંપડેલો છે. જયંત ચૌધરીએ અખિલેશ યાદવ સાથે હાથ મિલાવ્યા છે એટલે ચૂંટણીમાં હિંદુત્વના મુદ્દે ભાજપ સાથે થઈ ગયેલ પશ્ચિમ ઉત્તરપ્રદેશના જાટ કિસાન આંદોલન પછી ભાજપની વિરુદ્ધ જાય તો ઘણી બધી બેઠકો બગડી જાય એમ છે. આથી અમિત શાહને આ વિસ્તારની વિશેષ જવાબદારી સોંપાઈ છે અને અત્યારે નહીં તો ભવિષ્યમાં પણ જયંત ચૌધરી એમના નાનકડા પક્ષ રાષ્ટ્રીય લોકદળ સાથે દિવંગત વડાપ્રધાન કે જે લોકસભાનો સામનો કર્યા પહેલાં જ રાજીનામું આપી ગાદી છોડી ગયેલા એવા ચૌધરીજીને 'ભારત રત્ન' આપવા સુધીની માગણી મોદીજી અને શાહજી મંજૂર કરે તો નવાઈ નહીં લાગવી જોઈએ!

# સુભાષિતોમાં મધુરતા



**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

(૧) 'અતિ' રુપથી સીતા હરાઈ, 'અતિ' ગર્વથી રાવણ મરાયો. 'અતિ' દાનથી બલિ બંધાયો. દરેક બાબતમાં 'અતિ' નો ત્યાગ કરવો.

(૨) નસીબ ઉપર આધાર રાખીને, પુરુષાર્થને છોડી ન દેવો. સિંહ પથ્થરનો હોય, તો એને માથે કાગડો પણ બેસી જાય.

(૩) જુઓ માણસો, આ કલિયુગનું કૌતુક છે. અહીં સજ્જનોને પીડા અને દુર્જનોને મઝા. પુત્રો મરણ પામે અને પિતાને દીર્ઘાયુ થાય. પારકા સાથે મિત્રતા થાય અને પોતાના સાથે શત્રુતા.

(૪) ગુણો જ માણસને મહાન બનાવે. ઊંચા આસનો નહિ. કાગડો મહેલની ટોચે બેસે, એટલે ગરુડ થઈ જાય ?

(૫) કંજૂસ જેવો દાતા કયારેય થયો નથી; કે થવાનો નથી. પોતાની સંપત્તિને અડ્યા વગર જ, મૃત્યુ પછી બીજાને આપી દે છે.

(૬) દુર્જન સાથે મિત્રતા ન હોય, બંધુતા ન હોય. કોલસો ગરમ હોય, તો હાથને બાળે અને ઠંડો હોય, તો કાળો કરે.

(૭) ખોટે માર્ગે મેળવેલું ધન વધુમાં વધુ દશ વરસ ટકે. અગિયારમે વરસે એના મૂળ સહિત નાશ પામે.

(૮) હું તો હાથ ઊંચા કરીને પોકારું છું. ધર્મ થકી જ અર્થ છે અને ધર્મ થકી જ કામ છે. તો પણ કોઈ ધર્મ કેમ આચરતું નથી?

(૯) ચંદ્રને રાહુનું ગ્રહણ આવી પડે. ત્યારે પણ રોહિણી એની સાથે જ રહે છે.

(૧૦) પોતાની સાથે મધુર બોલે પણ પાછળથી કામ બગાડે. એવા મિત્રને છોડી દેવો. એ તો એવો ઘડો છે - ઉપર દૂધ દેખાય અંદર ઝેર હોય.

(૧૧) પુસ્તક કહે છે - મને મૂરખનાં હાથમાં ન મૂકવું.

(૧૨) તું જેને જેને જૂએ; તેને પોતાની લાચારી ન બતાવ.

(૧૩) જે માણસ વાંચે,લખે, જૂએ, પૂછે, પંડિતનો સેવે - એની બુદ્ધિ ; જે રીતે સૂર્યના કિરણોથી કમળની પાંખડિયો ખીલો, એવી રીતે વિકસે છે.

(૧૪) દીકરા! તું બીજું બધું વધુ નહિ ભણ, તો ચાલશે પણ વ્યાકરણ તો ભણજે જ. એને કારણે - સ્વજન (પોતાનું મરણ) ને બદલે શ્વજન (કૂતરો) નહિ લખાય, સકલ (બધું) ને બદલે શકલ (ટૂકડો) નહિ જ લખાય.

સકૃત (એકવાર)ને બદલે શકૃત (છાણ) નહિ લખાય.

(૧૫) ક્રોધ રાજા યમ છે અને આશક્તિ નદી વૈતરણી છે. પરંતુ વિદ્યા કામધેનું છે અને સંતોષ નંદનવન છે.

(૧૬) મકાન એ ઘર નથી; જયાં ગૃહિણી છે; એ ગૃહ છે.

(૧૭) રાજાની પત્ની, ગુરુની પત્ની, મિત્રની પત્ની, પત્નીની માતા અને પોતાની મામા - આ પાંચ માતાઓ જ છે.

### દિન મહિમા

- ૧૮૬૫ - લાલા લજપતરાયનો જન્મ : ભારતનાં સ્વતંત્ર સંગ્રામનાં એક ક્રાંતિકારી
- ૧૯૨૫માં આ જ દિવસે ભારતીય વિજ્ઞાની રાજા રામન્નાનો જન્મ થયો હતો. ભારતના ન્યુક્લિયર પ્રોગ્રામની શરુઆતમાં એમનું મહત્વનું પ્રદાન છે. ડો. હોમીભાભા સાથે કામ કરનાર આ પ્રખર ભૌતિકશાસ્ત્રી પછીથી આ પ્રોગ્રામના ડીરેકટર પણ બન્યા.

આજનું
### ઔષધ

- અશ્વગંધા, ગળો અને સાકરનું સમભાગે બનાવેલું ચુર્ણ સર્વ રોગહર છે.

### ખડખડાટ

- મિત્રઃ નસીબ ખરાબ હોય ત્યારે બધું અવળું જ મળે.
બીજો મિત્ર : શું ?
પહેલો મિત્ર : ઉનાળામાં એવી વિન્ડો સીટ મળે જેમાં બારી ખુલે જ નહીં અને શિયાળામાં એવી સીટ મળે જેમાં બારી બંધ જ ન થાય.

આજનો
### વોટ્સએપ

- સાચી શરુઆત એ જ છે જયારે તમે વાતો કરવાનું છોડીને કામ કરવાનું શરૂ કરો.

# હંગેરીનું મશહૂર બૂડાપેસ્ટ શહેર કઈ નદી કિનારે આવેલું છે ?

### વિશ્વની ભૂગોળ



**ખજાનો**
**અનિલ પટેલ**

૧ કયું શહેર વિશ્વનું આટા બજાર તરીકે ઓળખાય છે ?
(અ) ડુલુથ (બ) મોસ્કો
(ક) જુલા (ડ) દમાસ્ક

૨ ગોટા નહેર કયા દેશમાં આવેલી છે ?
(અ) ફિનલેન્ડ (બ) સ્વીડન
(ક) નોર્વે (ડ) પોલેન્ડ

૩ ચીલી દેશની રાજધાની કયું શહેર છે?
(અ) પુન્ટા (બ) ઈકવીક
(ક) સિન્ટીયાગો (ડ) ટાલ્કા

૪ 'ત્સુનામી' શબ્દ કઈ ભાષાનો છે?
(અ) ચીની (બ) કોરિયન
(ક) તિબેટ (ડ) જાપાની

૫ ઈઝરાયેલના કયા શહેરમાં દુનિયાના બધા દેશોનું દૂતાવાસ છે ?
(અ) જેરુસલેમ (બ) હાઈફા
(ક) તેલઅવીવ (ડ) લોદ

૬ હંગેરીનું મશહૂર બૂડાપેસ્ટ શહેર કઈ નદી કિનારે આવેલું છે ?
(અ) ડેન્યુબ (બ) ડ્રાવા
(ક) તિડઝા (ડ) રાબા

૭ એલ્બેટ્રોસ પક્ષી કયા મહાસાગરમાં જોવા મળે છે ?
(અ) એન્ટાર્કટિક (બ) પેસીફીક
(ક) અરબી (ડ) રાતા સમુદ્રમાં

૮ સ્પેનની સંસદ કયા નામે ઓળખાય છે ?
(અ) બન્ડસ્ટેજ (બ) કનેસેટ
(ક) રાષ્ટ્રીય સભા (ડ) કાર્ટેજ

૯ જેને પવિત્ર પર્વત માનવામાં આવે છે એવો ફયુજીઆમા પર્વત કયા દેશમાં આવેલ છે ?
(અ) જાપાન (બ) તાઈવાન
(ક) ઉત્તર કોરિયા (ડ) દક્ષિણ કોરિયા

૧૦ લાલ નદી કયા દેશમાંથી વહે છે?
(અ) મલેશિયા (બ) મ્યાનમાર
(ક) વિયેતનામ (ડ) થાઈલેન્ડ

૧૧ કયું શહેર લેબેનોનની રાજધાની છે?
(અ) બિલ્લોસ (બ) બૈરુત
(ક) ટ્રિપોલી (ડ) સિડોન

૧૨ જાપાનનું કાવાસાકી કયા ઉદ્યોગ માટે જાણીતું છે ?
(અ) ઈલેકટ્રોનિક (બ) માર્બલ
(ક) લોખંડ-પોલાદ (ડ) સીરામિક

૧૩ અમેરિકાનું કયું રાજય ઘઉં રાજય તરીકે ઓળખાય છે?
(અ) ટેકસાસ (બ) ઓકલાહોમા
(ક) લોવા (ડ) કેન્સાસ

૧૪ નાઈઝીરીયાનું કયું શહેર ગુલામોનું બજાર તરીકે જાણીતું છે?
(અ) કાનો (બ) અબૂજા
(ક) ઈનુગુ (ડ) ઈલાડન

૧૫ કેનેડાની સૌથી લાંબી નદી કઈ છે ?
(અ) યુકોન (બ) નેલ્શન
(ક) ઓટોવા (ડ) મેન્કેઝિ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૨૮ જાન્યુઆરી :
  - લાલા લજપતરાયનો જન્મદિવસ (૧૮૬૫)
  - અમેરિકન સ્પેસ શટલ ચેલેન્જર બ્લાસ્ટ થયું (૧૯૮૬)
  - ફ્રાન્સના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ નિકોલસ સ્કોઝીનો જન્મદિવસ (૧૯૫૫)
  - રશિયાના મશહુર લેખક અને ટૂંકી વાર્તાના સર્જક ફીયોડોર ડોસ્ટોવરસ્કીનું નિધન (૧૮૮૧)
- ૨૯ જાન્યુઆરી :
  - જયોતિ સંઘના સદસ્ય એવા ચારુમતિ રામપ્રસાદ યોધ્ધાનું નિધન (૧૯૮૧)
  - બ્રાઝીલનો ફૂટબોલ ખેલાડી રોમારીયોનો જન્મદિવસ (૧૯૬૬)
  - જર્મન એન્જીનીયર કાર્લ બેન્ઝે ઈન્ટનલ કમ્બશન એન્જીના પેટર્ન કરાવ્યા (૧૮૮૬)
  - ઓસ્ટ્રેલિયાની મશહુર નોવેલીસ્ટ કોલીન મેકકલાઉનું ૭૭ વર્ષની વયે અવસાન થયું (૨૦૧૫)
- ૩૦ જાન્યુઆરી :
  - મહાત્મા ગાંધી શહીદ થયા (૧૯૪૮)
  - અમેરિકન પૂર્વ પ્રમુખ ફ્રેન્કલીન રુસવેલ્ટનો જન્મદિવસ (૧૮૮૨)
  - જોર્ડનના રાજા અબ્દુલ્લાહ-૨નો જન્મદિવસ (૧૯૮૨)
  - વ્હિલીયમ ગસ્કલોફ દુર્ઘટનામાં નવ હજાર લોકોનાં અવસાન થયા (૧૯૪૫)
- ૩૧ જાન્યુઆરી :
  - રુપેરી પડદાની સિંગીગ સ્ટાર સુરૈયાનું નિધન (૨૦૦૪)
  - સોવિયેટ રશિયાએ ચંદ્ર પર લ્યૂના-૯ સ્પેસક્રાફ્ટ મોકલ્યું (૧૯૬૬)
  - અમેરિકાએ પ્રથમ કૃત્રિમ ઉપગ્રહ એક્સપ્લોરર-૧ ઓર્બીટમાં મોકલ્યું (૧૯૫૮)
  - જયશંકર સુંદરીનો જન્મદિવસ (૧૮૮૯)
- ૧ ફેબ્રુઆરી :
  - અમેરિકન સ્પેસ ક્રાફ્ટ કોલંબીયા દુર્ઘટનાગ્રસ્ત થયું જેમાં કલ્પના ચાવલા સહિત ૭ અવકાશયાત્રીમાં મોત થયા (૨૦૦૩)
  - રશિયાના પૂર્વ પ્રમુખ બોરિસ યેલ્તસીનનો જન્મદિવસ (૧૯૩૧)
  - મુસોલીન પ્રાઈવેટ આર્મી બ્લેકશર્ટસની મદદથી ઈટલી પર સત્તા મેળવી (૧૯૨૩)
  - ઓક્સફર્ડ ઈંગ્લીશ ડીક્શનરીનાં ૧૦ વોલ્યુમ લંડનમાં પ્રકાશિત થયા (૧૯૨૮)
- ૨ ફેબ્રુઆરી :
  - દક્ષિણ આફ્રિકાના પ્રેસીડેન્ટ એફ ડબલ્યું ડે ફલેર્ક ૩૦ વર્ષ પછી આફ્રિકન નેસનલ કોંગ્રેસ પરનો પ્રતિબંધ હટાવ્યો (૧૯૯૦)
  - આઈરીશ સાહિત્યકાર જેમ્સ જોય્સનો જન્મદિવસ (૧૮૮૨)
  - સાઉથ કોરિયાના પૂર્વ પ્રમુખ પાર્ક ગુએન હેનો જન્મદિવસ (૧૯૫૨)
  - ઈદી અમીને પોતાને યુગાન્ડાનો રાષ્ટ્રપ્રમુખ જાહેર કર્યો (૧૯૭૧)
- ૩ ફેબ્રુઆરી :
  - અર્થશાસ્ત્રી અને રીઝર્વબેન્કના પૂર્વ ગર્વનર રઘુરામ રાજનનો જન્મદિવસ (૧૯૬૩)
  - જર્મન મ્યુઝિશિયન અને કમ્પોઝીટર ફેલીક્સ મેન્ડેલશનનો જન્મદિવસ (૧૮૦૯)
  - અમેરિકન અવકાશયાત્રી એલીન કોલીન ડીસ્કવરી સ્પેશક્રાફ્ટની પ્રથમ મહિલા પાયલોટ બની (૧૯૯૫)
  - અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ વુડને વિલ્સનનું અવસાન (૧૯૨૪)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

સમાજવાદી પક્ષના અને અખિલેશ યાદવ પરિવારના કયા મહિલા નેતા ભાજપમાં જોડાયા ?

જવાબ : અર્પણા યાદવ

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) શિવાંગ બી પટેલ : સરગાસણ (૩) મુળજીભાઈ પરમાર : સે-૭ (૪) ઋજિત રાવલ : સે-૭ (૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૬) નયન બી પરમાર : સે-૨૩ (૭) ભરતભાઈ મોદી : પેથાપુર

**આ સપ્તાહનો સવાલ**

કોંગ્રેસના કયા પૂર્વ કેન્દ્રીયમંત્રી કોંગ્રેસ છોડીના ભાજપમં જોડાયા ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# દાને દાને પે લિખા હૈ ખાને વાલે કા નામ !!



**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**

દીકરાએ અમને 'વીક એન્ડ'નો પ્રોગ્રામ જણાવ્યો : 'પપ્પા, આ સન્ડે આણે 'ઢિસુમ'માં જવાનું છે, હોં.'

'ના, ભાઈ ના !' ઢિસુમ-ઢિસુમ એવો ફાઈટિંગનો કોઈ શો જોવા આપણે નથી જવું !!' અમે કહ્યું,... લંડનમાં સન અને ડૉટર -ઈન લો સરસ નાટક, મ્યુઝિકલ શૉ, ઓપેરા અમને બતાવવાના પ્રોગ્રામ કરતા રહેતા એટલે થયું કે 'ઢિસુમ' યે કોઈ નવો મારામારીનો શૉ બતાવવા માંગતાં હશે... પણ અમારી વાત સાંભળી એ લોકો હસી પડ્યા : 'પપ્પા', 'ઢિસુમ' કોઈ સૉ નથી... આ, અન્નપૂર્ણાનું મંદિર છે...'

'હેં? એટલે ?'

'અરે, રેસ્ટોરેન્ટ છે...' 'ઢિસૂમ...' ને અમને યાદ આવી ગયું કે ગુજરાતી લિટરરી એકેડમી, યુ.કે.ના પ્રમુખ વિપુલભાઈ કલ્યાણી અને અન્ય સાહિત્ય સર્જક મુ. વલ્લલભાઈ નાંઢા લંડનમાં અમારે ઘરે આવ્યા હતા. ત્યારે વિપુલભાઈએ 'ઢિસુમ' નો ઉલ્લેખ કરેલો ખરો. અને બપોરે અમે લંડનમાં પ્રાઈમ એરિયામાં આવેલ આ ઈન્ડિયન રેસ્ટોરન્ટમાં ભોજન માણ્યું. 'ઢિસુમ' એટલે ઈરાની કાફેની આછેરી ઝલક આપતુ અને 'બમ્બૈયા ફૂડ'પીરસતું રેસ્ટોરન્ટ... અંદર પ્રવેશતાં જ આગ્રા, દિલ્હી, જયપુરનાં પોસ્ટર્સ અને મુંબઈના ભીડભાડ વાળા વિસ્તારોની તસ્વીરો સાથે થોડું હેરિટેજ ઈન્ટીરીયર જોવા મળ્યું... પ્યોર વેજ નહીં પણ ઘણી બધી વેજ ડીશીશ માણવા મળે. અહીં 'સ્ટાર્ટર' માં ખિચીયા પાપડ ને ખટ્ટો - મીઠો છૂંદો, અને ફ્રાઈડ ઓકરા કહેતાં મસાલેદાર તળેલા ભીંડા ખાવા મળ્યાં, બોલો....

માણસ - ખાસ કરીને ગુજરાતીઓ - વતન - દેશ છોડીને બહાર જાય તો ત્યાં પોતાનું ભોજન શોધતા હોય છે.... કદાચ ગુજરાતીઓની ખાવા માટેની આવી ઘેલછા જોઈને જ થોડાં વર્ષો પૂર્વે ઈન્ટરનેશનલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ કંપનીઓ એમની 'પેકેજડ' ટૂરમાં ગુજરાતી ટુરિસ્ટો આકર્ષવા માટેની જાહેરાતોમાં બોલ્ડ અક્ષરોમાં લખતા : 'અમારી ટૂરમાં જોડાવ અને રોમમાં રસ-પૂરી ને પેરિસમાં પાતરાનું ભોજન માણો....' ટ્રાવેલ્સવાળા પણ જાણે છે કે સ્વાદ શોખીન ગુજરાતીઓને ટૂરમાં સવારે કડક મીઠી ચા સાથે ગરમાગરમ ફાફડા-જલેબી, ગાંઠિયા - મરચાં, થેપલાં - ખાખરા ને બીજો એવો મસ્ત મસ્ત નાસ્તો કરાવો, બે ટાઈમ સ્વાદિષ્ટ - ભાતભાતના ભોજન કરાવો અને રાત્રે આરામ ફરાવવવા સારા રુમ્સની સગવડ આપો એટલે ટૂર સક્સેસ !!

આપણી તકલીફ શું છે કે અન્ય પ્રાંત - પ્રદેશ - દેશમાં જઈને ત્યાંનું 'ક્યુઝિન' - ત્યાંની વિશિષ્ટ વાનગીઓ 'ટેસ્ટ' કરવાના બદલે, ત્યાં હરવા-ફરવા - નવું નવું જોવામાં સમય આપવાના બદલે ઘણીવાર 'ગુજરાતી થાળી' કયાં મળશે એની ખોજ કરવામાં પડીએ છીએ... બાકી, 'એક્સ્પ્લોર' કરીએ તો લગભગ દરેક દેશનાં રેસ્ટોરન્ટના મેનુમાં માણવા જેવી એકથી અધિક વેજ ડીશીસ પ્રાપ્ત હોય છે. અમે આ વાત લંડનમાં લેબનન, શ્રીલંકન, તુર્કી, જાપાનીઝ, કોરિયન, થાઈ, બાંગ્લાદેશની, આફ્રિકન રેસ્ટોરન્ટમાં જમીને જાણી -માણી.

જો કે આજની યુવાપેઢી તો હવે ઈન્ટર કોન્ટિનેન્ટલ 'ક્યુઝિન' અને રોજબરોજની લાઈફમાં પીત્ઝા, પાસ્તા, ટાકો, લઝાનિયા, બર્ગર ને બરિયો બધું ય 'એન્જોય' કરતી થઈ ગઈ છે, છતાંય કયારેક એમને ય કોક'દિ વનતની વાનગીઓના ચટાકા-સ્વાદ સાંભરે તો ખરાને ! તેથી જ લંડન - અમેરિકા સહિત બધા દેશોમાં ઈન્ડિયન રેસ્ટોરન્ટ ખુલતી રહે છે..., અરે સ્વિત્ઝર્લેન્ડમાં માઉન્ટ ટિટલીસ જતાં પર્વત પર વચ્ચે પંજાબી પરોઠા શાક-તડકા દાળ - રાઈસને તળેટીમાં ગરમાગરમ ચા અને બટાકા વડા ખાવા મળે તે કંઈ અમથું હશે ? લંડનમાં 'ઢિસુમ' ઉપરાંત સૂપ, સ્ટાર્ટરમાં ભેળ-ભજિયા, આઠ દસ જાતનાં સલાડ, ચાટ શાક, બે ફરસાણ, પુરી - પરોઠા, કઢી-દાળ, રાઈસ - પુલાવ ને ડેઝર્ટમાં બે-ત્રણ સ્વીટ્સેય ખરી ને લટકામાં 'ફ્રૂટ ડીશ' નું બૂફે કરાવતી 'દિવાના ભેલપુરી', પ્યોર રાજસ્થાની ખાણું પીરસતી, 'ચૌકીધાની' પંજાબી ડીશ સ્પેશિયલ 'મોક્ષા' ને વૈવિધ્યસભર વેજીટેરિયન આઈટેમ્સ વાળી 'વેજી પ્લેટ', તેમ જ છોલે ભટૂરે ને આલુ ચાટ સાથે મિઠાઈઓનો સ્વાદ લગાડતી 'દિલ્હીવાલા' ય ખરાં. અરે, મુંબઈનાં વડાપાઉં યાદ આવે તો 'શ્રીકૃષ્ણ વડાપાઉં' હાજર છે. સાઉથ ઈન્ડિયન ચેઈન્ડ રેસ્ટોરન્ટ 'સરાવના ભવન' ઠેર ઠેર જોવા મળે. અરે, ઓર્ડર આપતા ઘરે પંજાબી, ચાઈનીઝ, થાઈ ડીશીસ બનાવીને પહોંચાડતા - ઘરગથ્થું ચાલતા 'બોમ્બે અડ્ડા' ને કેમ ભૂલાય ? એ જ રીતે 'ઓનેસ્ટ', 'વુડલેન્ડ' , 'દાના પાની' એ ફલોરિડામં અમારી ક્ષુધા સંતોષી હતી.

અને નવાઈની બાબત એ કે આ સર્વે ઈન્ડિયન રેસ્ટોરન્ટમાં વિદેશી પ્રજાને પણ મોટી સંખ્યામાં મોજથી આપણી વાનગીઓનો આસ્વાદ માણતા જોવા મળે છે. જાણે આપણો ટેસ્ટ દાઢે વળગ્યો છે એમની.

હવે જગતમાં 'વેજીટેરિયન' ને 'વેગેન' તરફ લોકો ઢલતા જાય છે એ પણ એક કારણ હોઈ શકે છે.... વિદેશથી ભારતીય રેસ્ટોરન્ટમાં આપણાં ભાવતા ભોજન આરોગવા અવશ્ય મળે પણ એનો ટેસ્ટ અદલ એવો કદાચ ન પણ હોય... પરંતુ ભાઈ, 'ના મામા કરતા કાણો મામો' શું ખોટો ? શું કરો છો??